## <u>ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ.</u>

મહેસૂલ વિભાગ
ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : જમન /૩૯૧૧/૩૧૯૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.:- ૦૯/૦૩/૨૦૧૬

વંચાણે લીધો :- મહેસૂલ વિભાગનો તા:-૧/૪/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ

ઠરાવ સુધારો:

સંદર્ભમાં દર્શાવેલ મહેસુલ વિભાગના તા.૧-૪-૨૦૧૫ના ઠરાવથી ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ બહાર પાડવામાં આવેલ છે, આ ઠરાવના ભાગ - ૨ ના ફકરા ક્રમાંક : ૧ માં જાહેર ઉપયોગિતાના હેતુઓ માટે ગૌચરની જમીન ઉપયોગમાં લેવાનું નક્કી થયેલ છે, તેમાં નીચે મુજબ સુધારો કરવામાં આવેછે.

<u>(૧) જાહેર ઉપયોગિતાના કામો:-</u>

સામાન્ય રીતે ગૌચરની ઉપલબ્ધ જમીન ઓછી ન થાય તે રીતે તમામ હેતુ માટે ગૌચરની જમીનની ફાળવણી ઉપર નિયંત્રણ રાખવું, આમ છતાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ જાહેર ઉપયોગીતાના મહત્વના કામો માટે જ્યારે ગૌચરમાંથી જમીન લેવાની થાય, ત્યારે તેવા પ્રસંગે લેવા પાત્ર થતી જમીનની બજાર કિંમત વસુલ કરવાની રહેશે, ઉપરાંત ગૌચર જમીન જેટલી જ જે તે ગામની નજીકની સરકારી પડતર જમીન કલેક્ટરશ્રીઓએ ગૌચર તરીકે નીમ કરવાની રહેશે તથા ગ્રામ પંચાયતના હવાલે મુકવાની રહેશે. જે તે ગામમા સરકારી પડતર જમીન ઉપલબ્ધ ન હોય તો આજુ બાજુના ગામની સરકારી પડતર / ખરાબાની જમીન ગૌચર તરીકે નીમ, કરવાની રહેશે તથા ગ્રામ પંચાયતના હવાલે મુકવાની રહેશે. તથા આવી માંગણીવાળી જમીનની જંત્રી કિંમતની 30 ટકા રકમ ગૌચરની જમીનના વિકાસ માટે સરકારને ચુકવવાની રહેશે. આ 30% રકમ પંચાયતને સુપ્રત કરવાની રહેશે.

<u>(૨) રાજ્ય સરકારની કચેરીઓ, મકાનો રસ્તાઓ,પુલો વગેરે</u> :-

અનિવાર્ય સંજોગોમાં રાજ્ય સરકારની કચેરીઓ, મકાનો રસ્તાઓ,પુલો વગેરે માટે જ્યારે જાહેર હિત માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચરના ધોરણો જળવાય તે હેતુસર ગામે અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની રહેશે. આવા કિસ્સાઓમાં જમીનની કિંમત તેમજ ૩૦ % જંત્રી કિંમત વસુલ કરવાની રહેશે નહી.

p.t.o....

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તારીખ:- ૦૯/૦૩/૨૦૧૬ની નોંધ થી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ જોષી )
સેક્શન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- અંગત સચિવશ્રી,માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી,માન. રા.ક. મંત્રીશ્રી (પંચાયત)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી. અગ્ર સચિવશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી , પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે નાયબ કલેકટરશ્રીઓ
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મામલતદારશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સેકશન અધિકારીશ્રી, અ, અ-૧, લ, લ-૧, જ અને ઝ શાખા, મહેસૂલ વિભાગ,
- શાખા સંગ્રહ.
- સિલેક્ટ ફાઇલ.